# એકમ કસોટી ૨

**વિષય : ગણિત** **ધોરણ : ૧૦** **સમય : ૪૦ મીનીટ** **કુલ ગુણ : ૨૫**

**પ્રશ્ન ૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.** **(૭)**

(૧) બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક x અને દશકનો અંક 4 હોય, તો તે સંખ્યા ....... છે.

(a) 4x (b) 40 + x (c) 10x + 4 (d) 40x + 1

(૨) સમીકરણયુગ્મ x - 3y = 1 અને 3x + y = 3 નો ઉકેલ ........ છે.

(a) (0, 1) (b) (1, 1) (c) (1, 0) (d) (1/3, 0)

(૩) x – 2y = 2 નો આલેખ y–અક્ષને ........બિંદુમાં છેદે.

(a) (- 1, - 1) (b) (2, - 2) (c) (0, - 1) (d) (- 1, 0)|

(૪) સમીકરણ $\frac{x}{2} - \frac{y}{3} = 1$ ને પ્રમાણિત સ્વરૂપે ......... લખી શકાય.

(a)2x - 3y – 6 = 0 (b) 3x - 2y – 6 = 0 (c) 2x - 3y = 3 (d)3x - 2y = 1

(૫) સમીકરણો 3x + y = 7 અને -x + 2y = 2 માંથી x નો લોપ કરવા સમી. 2 ને ........ વડે ગુણવું પડે.

(a) - 4 (b) 4 (c) 3 (d) - 3

(૬) 3 વર્ષ પહેલા પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો 40 વર્ષ હતો, 2 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો ...... વર્ષ થાય.

(a) 40 (b) 46 (c) 50 (d) 60

(૭) જો $\frac{x}{2} = \frac{6}{y} = 3$ હોય તો x+y = ...............

(a) 4 (b) 2 (c) 6 (d) 8

**પ્રશ્ન ૨ માગ્યા મુજબ દાખલા ગણો. (કોઈ પણ છ)** **(૧૮)**

૧. લોપની રીતે ઉકેલો. 9x – 4y = 14, 7x – 3y = 11

૨. આદેશની રીતે ઉકેલો. 2x + 3y = 10, 3x – y = 4

૩. ચોકડી ગુણાકારની રીતે ઉકેલો. 0.3x + 0.4y = 2.5, 0.5x – 0.3y = 0.3

૪. બે સંખ્યાઓનો સરવાળો 70 છે. અને તેમનો ધન તફાવત 6 હોય તો તે સંખ્યા શોધો.

૫. એક ટેબલની કિંમત એક ખુરસીની કિંમત કરતા ત્રણ ગણી છે, ચાર ખુરસી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 2100 છે. તો એક ટેબલ અને એક ખુરસીની કિંમત શોધો.

૬. એક પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 50 વર્ષ છે, 5 વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમરની ત્રણ ગણી થાય તો પિતા અને પુત્રની હાલની ઉંમર શોધો.

૭. બે અંકોની એક સંખ્યાના દશકનો અંક એકમના અંક કરતા 3 ગણો છે. સંખ્યાના અંકોની અદલાબદલી કરતા મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 54 જેટલી નાની હોય તો તે સંખ્યા શોધો.

**BEST OF LUCK**

B.K.BAGADA